For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## ભેસ્તાન રોડ પર પાણી ભરાતા વાહનોની ગતિ અટકી



સુરતનો સોમવારે રાત્રે 12:00 થી મંગળવારે રાત્રે-8:00 સુધીનો વરસાદ

| ઝોન | વરસાદ (MMમાં) |
|---|---|
| સેન્ટ્રલ | 117 |
| રાંદેર | 79 |
| કતારગામ | 73 |
| વરાછા-એ | 93 |
| વરાછા બી | 69 |
| લિંબાયત | 90 |
| અઠવા | 92 |
| ઉધના | 126 |

## ભગવાન મહાવીર કોલેજ પાસે ફરી પાણી ફરી વળ્યાં





ડિંડોલી ગરનાળું



અઠવા લાઈન્સ

## સુરત મનપા હવે કયો સરવે કરશે?

**શહેરમાં** નીચાણવાળા અને ખાડી કિનારાના વિસ્તારો ફરી પાણીમાં ગરકાવ થઈ ગયા

**સચિન**-લિંબાયત ગરનાળાં, અલથાણ-બમરોલીમાં જળબંબાકાર

**વેસુના** વીઆઈપી રોડ અને ભગવાન મહાવીર કોલેજ વિસ્તારમાં ફરી પાણી ભરાયા

સુરતઃ હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે સોમવારે મધરાતથી મંગળવારે રાત્રે 8 વાગ્યા સુધી સુરત શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. 24 કલાક દરમિયાન શહેરમાં સરેરાશ ચાર ઈંચથી પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાતા અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. સૌથી વધુ 126

...અનુસંધાન પાના 5 પર

# પાંચ ઈંચમાં જ ફરી પાણી-પાણી

### ખાડીપૂર મામલે મનપા માટે 'દળી દળીને ઢાંકણીમાં' જેવો ઘાટ...

# ભેદવાડ ખાડીના પાણી રહેઠાણોમાં ઘૂસી ગયા !

**15 દિવસ** પહેલાં સહાય-વેરામાફી, હવે ફરી એ જ વિસ્તારો પાણીમાં; ફરી સરવે થશે કે રાહત મળશે?

સુરત : ખાડીપૂરની હોનારત બાદ કરોડો રૂપિયાના નુકસાનનો સરવે, કેશડોલ્સનું વિતરણ અને વેરામાફીની જાહેરાતો કરીને

...અનુસંધાન પાના 5 પર



### ભેદવાડ ખાડી ચાર કલાક સુધી ભયજનક સ્તરની ઉપર વહેતા પાણી ભરાયા

ભેદવાડ ખાડીની ભયજનક સપાટી 7.20 મીટર નક્કી કરવામાં આવી છે. જોકે સવારે 8:15 વાગ્યે જ પાણીનું સ્તર 7.50 મીટરે પહોંચ્યું હતું, જે ભયજનક સપાટી કરતાં 30

...અનુસંધાન પાના 5 પર

### બમરોલીમાં લક્ષ્મી હોમ બિલ્ડિંગ સૌથી વધુ અસરગ્રસ્ત, બાળકોને ટ્રેક્ટરમાં ઘરે લાવવા પડ્યા

ખાડીના બેક મારતા પાણી અલથાણ-બમરોલી વિસ્તારની અનેક સોસાયટીઓ સુધી પહોંચ્યા હતા. ખાસ કરીને ભેદવાડ ખાડીની બાજુમાં આવેલી 'લક્ષ્મી હોમ' બિલ્ડિંગ સૌથી વધુ અસરગ્રસ્ત બની હતી. સોસાયટીના કમ્પાઉન્ડ અને રોડ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. પાર્કિંગમાં ઉભેલા દ્વિચક્રી વાહનો અડધા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને ગ્રાઉન્ડ ફ્લોરના રહેવાસીઓમાં ઘરમાં પાણી ઘૂસી જવાની ભીતિ વ્યાપી હતી. લક્ષ્મી હોમ બિલ્ડિંગ બહાર ઘૂંટણસમા પાણી ભરાતા બાળકો અને મહિલાઓ માટે બહાર નીકળવું મુશ્કેલ બન્યું હતું. શાળાએ ગયેલા બાળકોને સુરક્ષિત ઘરે લાવવા માટે સોસાયટીના રહીશોએ મેન્ટેનન્સ ફંડમાંથી ટ્રેક્ટર ભાડે મંગાવ્યું હતું. ટ્રેક્ટરની મદદથી બાળકોને પાણીમાંથી પસાર કરાવીને ઘરે પહોંચાડવામાં આવ્યા હતા. સ્થાનિકોના આક્ષેપ મુજબ આ સમગ્ર ઘટનામાં તંત્ર તરફથી કોઈ તાત્કાલિક મદદ મળી નહોતી.



## આદર્શ નગર કાલિયાવાડી, નવસારી



# કાવેરી નદીએ ભયજનક સપાટી વટાવતા ઘરોમાં પાણી ઘૂસ્યા

**કાવેરી** નદીની જળસપાટીમાં ૫.૫૦ ફૂટ અને અંબિકા નદીની જળ સપાટીમાં ૩.૫૮ ફૂટનો વધારો થતાં એલર્ટ

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની બીજી ઇનિંગ્સ જોરદાર રીતે શરૂ થઈ છે. છેલ્લા બે દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે. જેને પગલે તમામ તાલુકાઓમાં ધોધમાર વરસાદ સાથે ઉપરવાસમાં પણ સારો વરસાદ પડતાં મુખ્ય

...અનુસંધાન પાના 5 પર

### દક્ષિણ ગુજરાતનો 24 કલાકનો વરસાદ

| તાલુકો | ઈંચમાં | તાલુકો | ઈંચમાં |
|---|---|---|---|
| નાનાપોંઢા | 8.70 | જલાલપોર | 4.69 |
| કપરાડા | 6.81 | ડોલવણ | 4 |
| વાપી | 6.42 | સુબિર | 3.84 |
| વાંસદા | 5.83 | સાપુતારા | 3.64 |
| ચીખલી | 5.75 | ગણદેવીમાં | 3.27 |
| વઘઇ | 5.6 | હાંસોટ | 2.40 |
| ખેરગામ | 5.59 | વાલોડ | 2.6 |
| ધરમપુર | 5.28 | વ્યારા | 2 |
| પારડી | 5.04 | વાલિયા | 2 |
| નવસારી | 4.76 | અંકલેશ્વર | 2 |
| વલસાડ | 4.69 | ઉકાઈ | 1.5 |
| આહવા | 4.64 | સોનગઢ | 1.5 |

## આજથી ૩ દિવસ દ.ગુ.માં અતિભારે વરસાદનું રેડ એલર્ટ

**વેધર** વોચ ગ્રુપની ઉચ્ચસ્તરીય બેઠક બાદ રાજ્યનું તંત્ર હાઈ એલર્ટ

ગાંધીનગરઃ ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય 'વેધર વોચ ગ્રુપ'ની બેઠકમાં દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના સંવેદનશીલ વિસ્તારોની સ્થિતિની સમીક્ષા કરીને તમામ સંબંધિત વિભાગોને 24 કલાક સતર્ક રહેવા અને પરસ્પર સંકલન સાથે કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. હવામાન

...અનુસંધાન પાના 5 પર

### 24મીએ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ પડશે તેવી આગાહી

હવામાન વિભાગના જણાવ્યા મુજબ સાયક્લોનિક સર્ક્યુલેશન અને અરબી સમુદ્રમાં સક્રિય હવામાન પ્રણાલીના કારણે આગામી સાત દિવસ રાજ્યમાં વ્યાપક વરસાદી માહોલ રહેશે. 22 જુલાઈએ નવસારી, વલસાડ, દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની

...અનુસંધાન પાના 5 પર


### દ.ગુ.માં ક્યાં? અને કેટલી ખાનાખરાબી?

» વલસાડ જિલ્લામાં ભારે વરસાદથી નદીઓ બંને કાંઠે વહેતી થઈ
» ધરમપુર, કપરાડા વિસ્તારોમાં અનેક રસ્તાઓ પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર ખોરવાયો
» શાળાઓમાં બપોરે રજા જાહેર કરવામાં આવી
» વલસાડ જિલ્લામાં 153 માર્ગોને બંધ કરાયા
» કપરાડા તાલુકામાં ભારે વરસાદથી પાંચ પુલ પાણીમાં ગરકાવ
» પારડીના ST ડેપો, મચ્છી માર્કેટ, ચીવલ રોડ, પોણિયામાં પાણી ભરાયા
» પલસાણા ગંગાજી, નવીનગરી સહિત ગ્રામ્યના કોઝવે પર ઓવરટોપિંગથી વાહનવ્યહારને અસર
» પારડીમાં દીવાલ અને પતરાંનો શેડ અચાનક ધરાશાયી

...અનુસંધાન પાના 5 પર







દિવસભરના દેખાવો બાદ સુરતમાં વેસુ ખાતેથી ડિટેઈન કરાયેલા

# CJPના કાર્યકરો-પોલીસ વચ્ચે ઉમરા પોલીસ મથકમાં ઘર્ષણ

**કલેક્ટર** કચેરીથી અટકાયત કરાયેલા ૭૦ વિદ્યાર્થીઓ સાથે પોલીસ સ્ટેશનમાં બોલાચાલી

સુરતઃ સોનમ વાંગચુકના સમર્થનમાં સુરત કલેક્ટર કચેરી ખાતેથી વિરોધ દર્શાવતા અટકાયત કરાયેલા ૭૦ જેટલા વિદ્યાર્થીઓ અને કાર્યકરોને ઉમરા પોલીસ સ્ટેશન લાવવામાં

...અનુસંધાન પાના 5 પર

### ઉધનામાં સીજેપીના કાર્યકરોએ PM મોદી અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું પૂતળું દહન કર્યું

દિલ્હીના જંતર-મંતર ખાતે નીટ પરીક્ષાની ગડબડીઓ સામે સીજેપી દ્વારા શરૂ કરવામાં આવેલું આંદોલન હવે વધુ ઉગ્ર બની રહ્યું છે. મંગળવારે ઉધના વિસ્તારમાં આવેલા દક્ષેશ્વર મંદિર નજીક મોટી સંખ્યામાં યુવાનો એકઠા થયા હતા અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. યુવાનોએ નીટ પરીક્ષામાં થયેલી ગેરરીતિઓ સામે પોતાનો આક્રોશ ઠાલવતા

...અનુસંધાન પાના 5 પર



## સુરતમાં ફરી ક્યાં ક્યાં પાણી ભરાયા

» **ઉધના ઝોન :** અલથાણ, બમરોલી (ભેદવાડ ખાડી ઓવરફ્લો), સચિન ગરનાળું, ભેદવાડ ખાડી આસપાસની સોસાયટીઓ (લક્ષ્મી હોમ સહિત)
» **લિંબાયત ઝોન :** લિંબાયત ગરનાળું, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાથી વાહનવ્યવહાર પ્રભાવિત
» **અઠવા ઝોન :** VIP રોડ (શ્યામ મંદિર તરફનો પટ્ટો સહિત) ફરી ઘૂંટણસમા પાણીમાં ગરકાવ, અનેક વાહનો બંધ પડ્યા
» **સેન્ટ્રલ ઝોન :** કેટલાક નીચાણવાળા માર્ગો પર વરસાદી પાણી ભરાયા, પરંતુ બાદમાં ઉતરી ગયા હતા

### તમામ ગરનાળાં અને વીઆઇપી રોડ ફરી પાણીમાં ગરકાવ

ભારે વરસાદના કારણે સચિન અને લિંબાયત ગરનાળાંમાં પાણી ભરાઈ જતા વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. શહેરના પોશ ગણાતા VIP રોડ પર પણ ફરી ઘૂંટણસમા પાણી ભરાતા અનેક વાહનો બંધ પડી ગયા હતા અને લાંબા ટ્રાફિક જામ સર્જાયા હતા.

### સિંગણપોર કોઝવેએ પ્રથમ વખત ભયજનક સપાટી વટાવી




તાપી નદીમાં ઉપરવાસમાંથી પાણીની આવક વધતા ચાલુ ચોમાસામાં પ્રથમ વખત સિંગણપોર કોઝવેનું જળસ્તર ભયજનક 6 મીટરથી ઓવરફ્લો થઈને 6.17 મીટરે પહોંચ્યું હતું, જેને પગલે કોઝવેને બંધ કરી દેવાયો હતો.

### સુરત જિલ્લામાં મેઘમહેરઃ પલસાણામાં સૌથી વધુ 6 ઇંચ, બારડોલીમાં 5 ઇંચ વરસાદ

ગઈ રાતે લગભગ 2 વાગ્યાથી શરૂ થયેલો વરસાદ સુરત શહેર તેમજ જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં સતત વરસ્યો હતો, જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ પણ સર્જાઈ હતી. જિલ્લામાં સૌથી વધુ વરસાદ પલસાણા તાલુકામાં 148 મીમી નોંધાયો, જે અંદાજે 6 ઇંચ જેટલો થાય છે. ત્યારબાદ બારડોલીમાં 126 મીમી અને અંબિકા વિસ્તારમાં 120 મીમી વરસાદ નોંધાયો હતો. સુરત શહેરમાં 91 મીમી વરસાદ નોંધાતા શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરતાં નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવાની સલાહ આપી છે. સતત વરસાદને કારણે નદી-નાળા, કાચા રસ્તાઓ તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ શકે છે. સ્થાનિક તંત્ર પણ વરસાદી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને જરૂરી સાવચેતીના પગલાં લેવા માટે તૈયાર છે.

### ગટરનું ખોદકામ કર્યા બાદની લાલિયાવાડીને કારણે ભેસ્તાનમાં ભૂવો પડતાં ઈંટો ભરેલી ટ્રક ફસાઈ



મંગળવારે સવારે ભેસ્તાન આવાસ સામે ઈંટોથી ભરેલી એક ટ્રક પસાર થઈ રહી હતી અને અચાનક જ રોડના ભૂવામાં ટ્રક ફસાઈ ગઈ હતી. ટ્રકના પાછળના ટાયરો અડધે સુધી જમીનમાં ખૂંપી જતાં ચાલક પણ સ્તબ્ધ થઈ ગયો હતો. વાસ્તવમાં, અગાઉ અહીં ગટર લાઇન માટે મનપા દ્વારા મોટું ખોદકામ કરવામાં આવ્યું હતું. પરંતુ કામ પત્યા પછી ખાડો પુરવાની તકલીફ કોણ લે? કોન્ટ્રાક્ટરોએ માત્ર નામપૂરતી માટી અને ડામરનો છંટકાવ કરીને કામગીરી કરવા પુરતી કરી હતી. જેના પરિણામે વરસાદના કારણે માટી ધસી ગઈ અને વજનદાર ટ્રકના ટાયર રોડમાં ફસાઈ ગયા હતા. ચોમાસું જામ્યું ત્યારથી સુરતીઓ રોડ પર ગાડી ચલાવી રહ્યા છે કે કોઈ એડવેન્ચર પાર્કમાં રાઈડ્સ માણી રહ્યા છે, તે સમજાતું નથી! શહેરમાં જ્યાં જુઓ ત્યાં રસ્તાઓ પર મસમોટા ભુવા પડી રહ્યા છે અને વાહનો તેમાં ગરકાવ થઈ રહ્યા છે.


**અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



:: દુઃખદ અવસાન / બેસણું ::



દિલગીરી સહ જણાવવાનું કે મારા પત્ની **મોનાલિસા શિરીષભાઈ રાઠોડ**નું તા. ૨૦/૦૭/૨૦૨૬, મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
**સદ્‌ગતનું બેસણું :- તા.૨૩/૦૭/૨૦૨૬, ગુરૂવાર**ના રોજ **સવારે ૯ થી બપોરે ૧૨ કલાક** સુધી રાખેલ છે.
**(સ્થળ :- ૧, હરિદ્વાર બંગલો, જોથાણ ગામ, સુરત.)**
« લિ. »
**શિરીષભાઈ ભરતભાઈ રાઠોડ**
ગં.સ્વ.મણિબેન છનાભાઈ રાઠોડ - ભરતભાઈ છનાભાઈ રાઠોડ
પાર્થભાઈ ભરતભાઈ રાઠોડ | અસ્મિતાબેન પાર્થભાઈ રાઠોડ
તેજલબેન મૃગાંકભાઈ રાઠોડ | મૃગાંકભાઈ જતીનભાઈ રાઠોડ

સ્વ. મોનાલિસા શિરીષભાઈ રાઠોડ
સ્વ.તા. ૨૦/૦૭/૨૦૨૬



પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. અમૃતલાલ ભગવાનદાસ કોસંબિયા
જન્મ તા. ૧૨/૦૪/૧૯૪૫
સ્વ. તા. ૨૨/૦૭/૨૦૨૫

વ્હાલા પપ્પા,
પળે પળે યાદ આવશે અમને,
સદાય તમારી ખોટ રહેશે.
દેહથી ભલે દુર થયા તમે,
સદાય અમારા હૃદયમાં વસો છો.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે.
લિ.
ભારતી દિપકભાઈ કંથારીયા



નવમી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. રમણલાલ છગનલાલ પટેલ
(R.C.Patel)
(રિટા. મેનેજર સુ.ડિ.કો.બેંક) સ્વ.તા. ૨૨/૭/૨૦૧૭
Miss You Papa
લિ. સ્વ. નિર્મળાબેન રમણલાલ પટેલ
ચિરાગ રમણલાલ પટેલ -પુત્ર (RC) | ભૂમિકા કશ્યપ પટેલ (પુત્રી)
વૈશાલી ચિરાગ પટેલ (પુત્રવધુ) | કશ્યપ ગિરીશભાઈ પટેલ (જમાઈ)
Shree Sai Krupa Aquaculture
Shree Sai Lela Aquaculture Shree Sai RC Aquaculture
(આર્યા, ધૈર્ય, દર્શ, તથા સમસ્ત પરિવાર)



Remembered forever
Shri Kishinchand Tulsiani
Our father has departed for his heavenly abode



His final journey will commence from our residence at 11am
22nd July 2026 (Wednesday)
Bungalow no. 5 Jai Hind Sindhi Society
Near Ambika Niketan Temple, Parle Point
The final rites will be held at Umra Cremation Ground
Rajni K Tulsiani (wife)
Children: Bharat-Bharti | Neena-Ramesh | Pawan-Jyotika
Grandchildren: Palak, Dhairya, Kashish, Priyanka, Param, Aarya, Kabir
Tulsiani Family